# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ


સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૯/ક્વા-03/૨૦૨૨-૨૩/૫૫૯ તા.. ૧૫.૦૨.૨૦૨૩

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૯/ક્વા-03/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી કૈલાશભાઈ રવજીભાઈ બુસા, ગામ – નાની ખોડિયાર

સબડીવીઝન: મેંદરડા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, જુનાગઢ ગ્રામ્ય-૨,

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: શુક્રવાર (૨૩-૧૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૩-૧૨-૨૦૨૨ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો ઉપરોક્ત દર્શાવ્યા મુજબ જુનાગઢ રૂરલ ડીવી.૨ હેઠળ મેંદરડા પે.વિ. કચેરી હેઠળના NRGP ટેરીફ હેઠળના ગ્રાહક છીએ અમો કોઈપણ ગેરરિતી કરી નથી એવું ચેકિંગના અહેવાલમાં દર્શાવેલ છે પરંતુ મિટરના ટેસ્ટીંગ દરમ્યાન ૫૭.૮૨ % ધીમું જણાયેલ છે જે બાબત અમારે ધીમાંપણાંનું બિલ ૬ માસ ને બદલે MRT આધારીત છેલ્લા ત્રણ વર્ષ માટે આપેલ છે પરંતુ અમો રૂરલ વિસ્તારના ગ્રાહક હોય તો બહુ નિયમ જાણતા નથી પરંતુ લોકપાલ ગુજરાત રાજ્યની web site પરથી અમોને સંદર્ભ (૨) મુજબ તાજેતરમાં હુકમ ધ્યાને આવેલ કે જુનાગઢ વિજ કંપની દ્વારા નિયમમાં ૬ માસનું બિલ આપવાની જોગવાઈ હોવા છતાં MRT આધારીત છેલ્લા ત્રણ વર્ષ આવેલ જે બિલ રદ્દ બાતલ કરીને ફક્ત ૬ માસનું બિલ આપવાનો હુકમ કરેલ જેનો સંદર્ભ લઈને અમો મેંદરડા સબ ડિવિ. માં ૬ માસનું જ બિલ આપવા જ વિનંતી કરેલ પરંતુ અમારી વિનંતી

કે GERC ના નિયમોને નેવે મુકી ફક્ત કંપનીના હિતમાં જ કાર્યવાહી કરેલ જેથી અમોને આ બાબતની અપીલમાં જરૂર પડી અમારો કેસ નોંધીને તાત્કાલીક સુનાવણી હાથ ધરીને ૬ માસ માટે સ્લોનેસનું બિલ રિવાઈડ કરી આપવા નમ્ર વિનંતી.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ મેંદરડા પેટાવિભાગીય કચેરી ના ગ્રાહકથી કૈલાશભાઇ રવજીભાઇ બુસા મુઃ-નાની ખોડીયાર,તાઃ- મેંદરડા ગ્રાહક નંબરઃ-૮૦૩૩૪ ૦૦૭૮૪૪,કોન્ટાકટેડ લોડઃ-૭.૦ કિ.વો. ના LTMD ટેરીફના (કોર્મશીયલ-ઔધોગીક) કનેકશન અંતર્ગત ચેકીંગ શીટ નંઃ-૨૧૪૧૦ તાઃ-૧૪/૧૦/૨૦૨૨ મુજબ ગ્રાહકશ્રીના પ્રતિનીધી શ્રી લાલ" ભાઇ વીનુભાઇ મકવાણાની હાજરીમાં સદર કનેકશનનું ચેકીંગ થયેલ. ત્યારે પ્રાથમીક તપાસ અંતર્ગત ચેકીંગ શીટમા દર્શાવ્યા મુજબ મીટરની ડીસ્પ્લે પેરામીટર ચકાસતા "વાય" ફેઇઝ વોલ્ટેજ "0" આવેલ અને મીટરનો એકયુરેસી ટેસ્ટ રીઝલ્ટ -૫૭.૮૨ % આવેલ જેથી મીટર વધુ તપાસણી અર્થ લેબોરેટરીમા મોકલેલ અને જે તાઃ-૧૦/૧૧/૨૦૨૨ ના લેબોરેટરી ચેકીગ અહેવાલ મુજબ મીટર ૫૭.૮૨% સ્લો માલુમ પડેલ હતુ.જેને આધારે ગ્રાહકશ્રીને કંપનીના નિયમ મુજબ મીટર એમઆરઆઇ રીર્પોટ મુજબ તાઃ-૨૫-૦૮-૧૯ થી મીટર ક્ષતિગ્રસ્ત હોય ઇન્સ્ટોલેશન તારીખથી સમયગાળો ગણી ને તાઃ-૨૫-૦૮-૧૯ થી માહે તાઃ-૧૪-૧૦-૨૨ સુધીનુ કેલ્કયુલેશન કરીને રૂાઃ-૧૫૪૦૪૪.૫૨ નુ પુરવણી બિલ આપેલ હતુ.જેથી આ મુજબ ઇન્સ્ટોલેશન તારીખથી જ સદર મીટર ક્ષતિગ્રસ્ત હોય તે મુજબ ગણતરી કરી આપવુ યોગ્ય છે.જેની સામે ગ્રાહકશ્રીએ સદર બિલ છ માસના સમયગાળાનુ ગણીને આપવા માટે ગ્રાહક તકરાર નિવારણ અંતર્ગત અનુસંધાન મુજબ ફરીયાદ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર કેઈસ માં અરજદાર શ્રી નું પીજીવીસીએલ દ્વારા તા. ૧૦.૧૧.૨૦૨૨ નાં રોજ જે રોજકામ કરવામાં આવેલ છે તે મુજબ MRI માં Yફેઈઝ વૉલ્ટેજ '0આવેલ અને મીટર નો એક્યુરેસી ટેસ્ટ રીઝલ્ટ ૫૭.૮૨ % જોવા મળેલ છે. જેથી મીટર વધુ તપાસણી અંગે લેબોરેટરી માં મોકલેલ અને જે તા. ૧૦.૧૧.૨૨ ના રોજ લેબોરેટરી ચેકિંગ અહેવાલ મુજબ મીટર ૫૭.૮૨ % સ્લો માલુમ પડેલ છે. જેના આધારે અરજદાર શ્રી ને કંપની ના નિયમ મુજબ મીટર ના એમઆરઆઈ રિપોર્ટ મુજબ તા. ૨૫.૦૮.૧૯ થી મીટર ક્ષતિગ્રસ્ત હોય ઈન્સ્ટોલેશન તા. ૨૫.૦૮.૧૯ થી માહે ૧૪.૧૦.૨૨ સુધી નું ગણતરી કરીને રૂ. ૧૫૪૦૪૪.૫૨/- નું પુરવણી બિલ આપવામાં આવેલ છે.

૪.૨ સદર કેઈસ માં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જે રજુઆત કરવામાં આવેલ છે તે મુજબ મીટર અંગે નું રોજકામ કરવામાં આવેલ તે મુજબ મીટર માં "Y" ફેઈઝ મળતો ન હોવાથી મીટર સ્લોનેસ થયેલ છે. તથા મીટર ઉપર લગાડેલ શીલ બરાબર માલુમ પડેલ છે. તેમજ રોજકામ શીટ માં નાયબ ઇજનેર શ્રીઓ દ્વારા ચકાસણી કરી ને ખરાઈ કરવામાં આવેલ છે. જેથી મીટર સ્લોનેસ જે તે તારીખ

થી જ છે. ત્યાર થી સ્લોનેસ નું વીજ બિલ એમઆરઆઈ ડેટા પ્રમાણે આપવામાં આવેલ છે. તે યોગ્ય માલુમ પડે છે. અને જે અરજદાર શ્રી એ ભરવાપાત્ર થાય છે.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-3૬000૧